Extra No. 186

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] WEDNESDAY, JULY 15, 2026 / ASADHA 24, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.LIB/જાહેરનામું/અભિપ્રાય/૭૩૧/૨૦૨૬, તા.૦૬/૦૭/૨૦૨૬

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો કલમ ૧૯૮૯ ની નિયમ ૨૦૭ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૦૨૦૦ થી ૧૦૨૬૫/૨૦૨૬.-રાધનપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રાધનપુર શહેરના હાર્દ સમુ મુખ્ય બજાર આવેલ છે. રાધનપુર શહેરમાં બસસ્ટેન્ડ આવેલ હોય જેથી તમામ બસો હાઈવે ચાર રસ્તાથી બજારમાં આવન જાવન કરતી હોય તેની આજુબાજુમાં મોટા પ્રમાણમાં હોસ્પિટલ અને મુખ્ય બજાર આવેલ હોવાથી રાધનપુર શહેર અને આજુબાજુના ગામડાના લોકોની અવર જવર ખૂબ જ મોટા પ્રમાણમાં રહે છે. લોકોના અવર જવરનો મુખ્ય માર્ગ હાઈવે ચાર રસ્તા જ છે અને હાઈવે ચાર રસ્તાનો ઉપયોગ કર્યા સિવાય બીજો કોઈ વૈકલ્પીક રસ્તો નથી.

તદ્ ઉપરાંત રાધનપુર શહેરમાં આવવા સારૂ રાધનપુર ચાર રસ્તાનો ઉપયોગ થતો હોય અને હાઈવે ચાર રસ્તા ખાતે નેશનલ હાઈવે રોડનો પુલ આવેલ હોય જેનાથી હાઈવે ચાર રસ્તા પર ટ્રાફીક જામ થાય છે. અને રાધનપુર શહેર અને આજુબાજુના ગામડામાંથી પોત પોતાના વાહનો લઈ રાધનપુર શહેરમાં આવતા લોકો પોતાના વાહનો (ટુ વ્હીલર, થ્રી વ્હીલર, ફોર વ્હીલર) હાઈવે ચાર રસ્તાના રોડની ચારેય તરફ પાર્ક કરે છે. જેના કારણે બજારમાં આવતા જતા અન્ય લોકો અને વાહનોને અડચણ રૂપ થાય છે અને અવાર નવાર ટ્રાફીકના પ્રશ્નો ઉભા થાય છે. તેમજ અડચણ રૂપ વાહન ચાલકો વિરૂધ્ધ મોટર વ્હીકલ એકટ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૮૫ વિગેરે મુજબ અવાર નવાર કાર્યવાહી કરવા છતાં ટ્રાફીક લગત સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ જણાઈ આવતો નથી.

જેથી નીચે જણાવ્યા મુજબના જાહેર રોડ (૧)હાઈવે ચાર રસ્તા થી સર્કીટ હાઉસ સુધીનો રોડ, (૨) હાઈવે ચાર રસ્તા થી હેપ્પી મોલ સુધીનો રોડ, (૩)હાઈવે ચાર રસ્તા થી શ્રીજી હોસ્પીટલ સુધીનો રોડ, (૪) હાઈવે ચાર રસ્તાથી પીંડારીયા બનાસ હોસ્પીટલ સુધીનો રોડ, (૫)હાઈવે ચાર રસ્તાથી મહેસાણા રોડ ભણસાલી હોસ્પીટલ સુધીનો રોડ, (૬)મહેસાણા રોડ ભણસાલી બસ સ્ટેશનની આજુબાજુનો ભાગ, (૭) મહેસાણા રોડ આદિવાસી ભવન સામેના ભાગ સુધીના જાહેર રોડને "નો પાર્કિંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે તો ટ્રાફીક લગતની સમસ્યાનો ઉકેલ આવે તેમ હોઈ જેથી નીચે જણાવેલ રોડને "નો પાર્કિંગ ઝોન" અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરાવવા પોલીસ ઈન્સપેકટરશ્રી રાધનપુર પો.સ્ટેનાઓ તથા ના.પો.

અધિશ્રી રાધનપુરનાઓના આપેલ દરખાસ્ત અભિપ્રાય સાથે સહમત હોઈ, ઉપર મુજબના વિસ્તારોને “નો-પાર્કિંગ ઝોન” તરીકે જાહેર કરવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ સંદર્ભદર્શિત પત્રથી દરખાસ્ત કરેલ છે.

આમ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું ડૉ. પ્રશાંત જીલોવા (IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ રાધનપુર શહેરના નીચે મુજબના વિસ્તારોને "નો-પાર્કિંગ ઝોન” તરીકે જાહેર કરવામાં આવે છે.

-:: અમલવારી વિસ્તાર ::-

અ.નં.	નો-પાર્કિંગ જગ્યાની વિગત
૧	હાઈવે ચાર રસ્તા થી સર્કીટ હાઉસ સુધીના રોડ
૨	હાઈવે ચાર રસ્તા થી હેપ્પી મોલ સુધીના રોડ
૩	હાઈવે ચાર રસ્તા થી શ્રીજી હોસ્પીટલ સુધીના રોડ
૪	હાઈવે ચાર રસ્તા થી પીંડારીયા બનાસ હોસ્પીટલ સુધીના રોડ
૫	હાઈવે ચાર રસ્તા થી મહેસાણા રોડ ભણસાલી હોસ્પીટલ સુધીના રોડ
૬	મહેસાણા રોડ ભણસાલી બસ સ્ટેશનની આજુબાજુના ભાગ તરફના રોડ
૭	મહેસાણા રોડ આદિવાસી ભવનની સામેના ભાગ તરફનો જાહેર રોડ

-:: અમલવારીનો સમયગાળો ::-

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ ની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, પાટણ તથા નાયબ માહિતી નિયામકશ્રી, પાટણની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવાનું રહેશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાએ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ પર "નો-પાર્કીંગ” અંગેના બોર્ડ જે તે સ્થળોએ નગરપાલિકા / પોલીસ વિભાગ દ્વારા મુકવાના રહેશે. આ જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવું.

આજ રોજ તારીખ :૧૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

ડૉ. પ્રશાંત જીલોવા,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 18:04:30 IST